# NATWARLAL K. PATEL

B.Com., LL.B., Advocate

E.NO. G/425/1977. GAWF NO. AM/GRT/21251 Date:- 14/07/2005

**Office:**- 324 to 326, 3rd Floor, "SHUKAN MALL", Nr. Visat Petrol Pump,Sabarmati, Ahmedabad - 380005.
**Ph.:** 079-27500560, **Mo.:** 9558026999, Email :- nkpatel1953@gmail.com

Date : 02/ 12 / 2021

## <u>સર્ચ રીપોર્ટ</u>

પ્રતિ,
**"સોમનાથ ડેવલોપર"**
ઓફીસઃ- યશરાજ પ્રાઈમ,પંજાબ નેશનલ
બેંકની સામે,ગંગોત્રી હોટલની બાજુમા,
ખાત્રજ-કલોલ રોડ, ખાત્રજ,તા.કલોલ,
જી.ગાધીનગર મુકામે આવેલી છે.
તે પેઢીના વહીવટકર્તા ભાગીદાર..
**જગદીશકુમાર સોમાભાઈ પટેલ**
રહેવાસીઃ- બી/૬, શ્યામ એપાર્ટમેન્ટ,
રાજસ્થાન હોસ્પીટલની પાછળ,
શાહીબાગ,અમદાવાદાના

N. K. PATEL ADVOCATE G/425/1977

<u>બાબતઃ-</u> રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાધીનગર સબ ડીસ્ટ્રીકટ કલોલના તાલુકે કલોલના મોજે ખાત્રજ ગામની સીમના બ્લોક/સર્વે નં.૧૧૯ (જુના સર્વે નં. ૬૫/૩) ની કુલે- ૨૫૧૬૭ સ.ચો.મીટર ખાતા નં.૫૫૯ વાળી ઔધ્યોગીક હેતુ માટેની બીનખેતીની ખુલ્લી જમીન ઉપર પાડવામા **આવેલ સબ પ્લોટ નં.૨૦,સીટી સર્વે નં.એનએ/૬૫/૩/૨૦ ની ૪૨૧૯.૫૯ સ.ચો.મીટર ( ૨૦ ટકા ઔડા કપાત બાદ કરતા બાકીની ૩૩૭૫ સ.ચો.મીટર) જમીન તથા સીટી સર્વે નં.એનએ/ ૬૫/૩/૨૧ ની ૨૮૯૫.૦૧ સ.ચો.મીટર રોડ રસ્તાની જમીન પૈકી <u>વરાડે પડતી વગર વહેચાયેલ જમીન અંગેનો સર્ચ રીપોર્ટ</u>**

આપની સુચનાથી અમોએ મોજે ખાત્રજ ગામની સીમના બ્લોક/સર્વે નં.૧૧૯ (જુના સર્વે નં. ૬૫/૩) ની કુલે- ૨૫૧૬૭ સ.ચો.મીટર ખાતા નં.૫૫૯ વાળી ઔધ્યોગીક હેતુ માટેની બીનખેતીની ખુલ્લી જમીન ઉપર પાડવામા આવેલ સબ પ્લોટ નં.૨૦,સીટી સર્વે નં.એનએ/૬૫/૩/૨૦ ની ૪૨૧૯.૫૯ સ.ચો.મીટર ( ૨૦ ટકા ઔડા કપાત બાદ કરતા બાકીની ૩૩૭૫ સ.ચો.મીટર) જમીન તથા સીટી સર્વે નં.એનએ/૬૫/૩/૨૧ ની ૨૮૯૫.૦૧ સ.ચો.મીટર રોડ રસ્તાની જમીન પૈકી વરાડે પડતી વગર વહેચાયેલ જમીન અંગેનુ ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ છેલ્લા ૩૦ વર્ષના મે.તલાટીના રેકર્ડ તથા મે.મામલતદાર સાહેબ,ઈ-ધરાના રેકર્ડ તથા ૩૦ વર્ષ સુધીના કલોલના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાંથી સદર જમીન અંગેની તા.૨૭/૦૯/૨૦૨૧ના રોજ સર્ચ કરાવી તેના કાગળો,દસ્તાવેજો,એન્ટ્રીઓ તથા સર્ચના આધારે અને આપે તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ કરી આપેલ ડેકલેરેશનના આધારે સદર જમીન અંગેનો સર્ચ રીપોર્ટ અમારા માનવા અને જાણવા પ્રમાણે અમો નીચે પ્રમાણે આપીએ છીએ.

Scanned with CamScanner

N. K.
ADV... ATE
G/425/1977



(૧).. પરંતુ તે અગાઉ મજકુર રી-બ્લોક નં.૧૧૯ ની જમીનના જુના બ્લોક નં.૬૫ ની જમીન પ્રથમ તેના માલીક લલાજી માધાજીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલી હતી.જે અંગેની ફેરફાર નોંધ નં.૮૮ રેકર્ડમાં પાડવામાં આવેલ છે.

(૨).. ત્યારબાદ મજકુર જમીનના માલીક લલાજી માધાજીનુ તા. ૦૫/૧૦/૧૯૭૩ ના રોજ બિનવસીયતે અવસાન થવાથી વારસાઈ હક્કની રૂઈએ તેમના કાયદેસરના સીધીલીટીના વારસદારો તરીકે મથુરજી લલાજી તથા ચતુરજી લલાજી તથા સુરસંગ લલાજી તથા રણછોડજી લલાજી તથા જીવતબેન લલાજી તથા અમીબેન લલાજીના સંયુક્ત નામ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૨૭૧ થી તા. ૧૮/૧૦/૧૯૭૪ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩)..ત્યારબાદ મજકુર સર્વે નં. ૬૫ પૈકીની અડધા ભાગની જમીન તેના માલીક મથુરજી લલાજી ઠાકોરે શ્રી કૈલાશ પ્લોટ ઓનર્સ એસોસીએશન સુચીતને તા. ૨૯/૦૬/૧૯૮૨ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી વેચાણ આપતા સદર વેચાણ દસ્તાવેજની નોંધ રેકર્ડમાં એન્ટ્રી નં. ૫૬૪ થી તા. ૧૮/૦૮/૧૯૮૨ ના રોજ પાડવામાં આવેલી. પરંતુ સદર નોંધ રદ કરવામાં આવેલી.

(૪)..ત્યારબાદ મજકુર સર્વે નં. ૬૫ પૈકીની અડધા ભાગની જમીન તેના માલીક મથુરજી લલાજી ઠાકોરે શ્રી કૈલાશ પ્લોટ ઓનર્સ એસોસીએશન સુચીતને તા. ૨૯/૦૬/૧૯૮૨ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કલોલના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ નોંધાવી કરી વેચાણ આપતા સદર વેચાણ દસ્તાવેજની નોંધ રેકર્ડમાં એન્ટ્રી નં.૫૬૫ થી તા. ૧૮/૦૮/૧૯૮૨ ના રોજ પાડવામાં આવેલી. પરંતુ સદર નોંધ રદ કરવામાં આવેલી.

(૫).. ત્યારબાદ સદર તા. ૨૯/૦૬/૧૯૮૨ ના રોજ શ્રી કૈલાશ પ્લોટ ઓનર્સ એસોસીએશન સુચીતે કરાવેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ શ્રી મથુરજી લલાજી ઠાકોરની તરફેણમાં તા. ૨૬/૦૨/૧૯૯૧ ના રોજ વેચાણ પરતનો લેખ કલોલના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૪૨૨ થી નોંધાવી રદ કરેલ છે. જે બાબતેની નોંધ મજકુર જમીનના રેકર્ડમાં એન્ટ્રી નં. ૮૨૮ થી તા.૨૨/૦૯/૧૯૯૧ ના રોજ કરી તા. ૦૩/૧૨/૧૯૯૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૬).. ત્યારબાદ સદર તા.૨૯/૦૬/૧૯૮૨ ના રોજ શ્રી કૈલાશ પ્લોટ ઓનર્સ એસોસીએશન સુચીતે કરાવેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ શ્રી મથુરજી લલાજી ઠાકોરની તરફેણમાં તા. ૨૬/૦૨/૧૯૯૧ ના રોજ વેચાણ પરતનો લેખ કલોલના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૪૨૩ થી નોંધાવી રદ કરેલ છે. જે બાબતેની નોંધ મજકુર જમીનના રેકર્ડમાં એન્ટ્રી નં. ૮૨૯ થી તા.૨૨/૦૯/૧૯૯૧ ના રોજ કરી તા. ૦૩/૧૨/૧૯૯૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૭)..ત્યારબાદ ઠાકોર મથુરજી લલાજી, ઠાકોર ચતુરજી લલાજી , સુરસંગજી લલાજી ઠાકોર, રણછોડજી લલાજી ઠાકોર વિગેરેનાઓએ ભાઈઓ ભાગની વહેંચણી કરતા સદરહુ જમીન મથુરજી લાલાજીના હિસ્સે આવેલ અને જે અંગેનો વહેંચણીનો લેખ કલોલના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની

Scanned with CamScanner

ADVO ... PATEL ... CATE ... 1977



કચેરીમાં અનુક્રમ નં. ૧૯૨૧ થી તા. ૨૯/૦૬/૧૯૮૨ ના રોજ નોંધવામાં આવેલ અને સદરહુ વહેંચણી અંગેની ગામના મહેસુલી દફતરે ફેરફાર નોંધ નં. ૮૪૦ થી તા. ૦૮/૧૦/૧૯૯૧ ના રોજ પાડવામાં આવેલ અને સદરહુ ફેરફાર નોંધ લાગતા વળગતા અધીકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૮).. ત્યારબાદ મજકુર જમીનના માલીક મથુરજી લલાજી ઠાકોરે એક શ્રી ઈશ્વરજી નાથુજી ઠાકોર, વરસંગજી ફતાજી ઠાકોર, પ્રહલાદજી મગનજી ઠાકોર, ધુળાજી પુંજાજી ઠાકોર, લાલાજી પુંજાજી ઠાકોરને કલોલનના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૪૨૪ તથા ૪૨૫ થી તા. ૨૬/ ૦૨/૧૯૯૧ ના રોજ વેચાણ આપતા વેચાણ અંગેની ગામના મહેસુલી દફતરે ફેરફાર નોંધ નં. ૮૩૦ તથા ૮૩૧ થી તા. ૨૨/૦૯/૧૯૯૧ ના રોજ પાડવામાં આવેલ અને સદરહુ ફેરફાર નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૯).. ત્યારબાદ મજકુર એકત્ર બ્લોક નં. ૬૫ પૈકી ઉત્તર દિશા તરફની અડધી જમીન પૈકી ૧૬૦૬૪૯ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન ૨૯૬૬૯ સ.ચો.મીટર જમીન તેના માલીક શ્રી ઈશ્વરજી નાથુજી ઠાકોર, વરસંગજી ફતાજી ઠાકોર, પ્રહલાદજી મગનજી ઠાકોર, ધુળાજી પુંજાજી ઠાકોર, લાલાજી પુંજાજી ઠાકોરના કુલ મુખત્યાર તરીકે સોકતઅલી રહેમાનઅલી સૈયદે અસરફભાઈ મહંમદભાઈ મલેક, અનવરભાઈ લાલભાઈ, અલીભાઈ આઝમભાઈ, હાસમભાઈ જહાંગીરભાઈ , સમશેરભાઈ આઝમભાઈનાઓને કલોલનના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૧૨૬૯ તથા ૧૨૭૮ થી તા.૧૧/૦૬/૧૯૯૨ ના રોજ વેચાણ આપતા વેચાણ અંગેની ગામના મહેસુલી દફતરે ફેરફાર નોંધ નં. ૮૮૦ તથા ૮૮૧ થી તા.૦૧/૦૭/૧૯૯૨ ના રોજ પાડવામાં આવેલ અને સદરહુ ફેરફાર નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૧)..ત્યારબાદ જુના એકત્ર બ્લોક નં.૬૫ ની ૧૬૦૬૪૯ સ.ચો.મીટર જમીન પૈકી ૪૨૫૮૪ સ.ચો.મીટર જમીનમાં બાંધકામ કરવા અને બાકીની ૧૧૮૦૬૫ સ.ચો. મીટર જમીન ખુલ્લી રાખવાની શરતે મજકુર જમીનમાં ઔધોગીક હેતુમાટેની બિનખેતીની પરવાનગી મહેસાણાના મે. જીલ્લા વિકાસ અધીકારી શ્રી સાહેબે તેમના હુકમ નં.જી/૫/મહેસુલ/એ/એલ.એનએ/એસઆર/૧૨૨/૯૩-૯૪ થી તા. ૦૫/૦૪/૧૯૯૪ ના રોજ આપેલી છે.મજકુર એન.એ.ના હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમાં એન્ટ્રી નં. ૧૨૩૮ થી તા. ૦૩/૧૨/૧૯૯૪ ના રોજ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૨)..ત્યારબાદ મજકુર રી-બ્લોક નં.૧૧૯ ની જમીનના જુના એકત્ર બ્લોક નં. ૬૫ ની કુલ એન.એ.વાળી જમીન પૈકી ૨૫૧૬૭ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન તેના માલીકો અશરફભાઈ મહંમદભાઈ મલેક વિગેરે પાસેથી શ્રીમતી વિનિતા અરવિંદ મહેતાએ તેણીની જાતકમાણીની આવકના નાણામાંથી રકમો ચુકવી તા.૦૬/૦૭/૧૯૯૪ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કલોલના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૮૧૨ થી નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રીમતી વિનિતા અરવિંદ મહેતાનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૨૫૬ થી તા. ૧૫/૧૨/૧૯૯૪ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધીકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

Scanned with CamScanner

N. K. PATEL ADVOCATE 077



(૧૩)..ત્યારબાદ મજકુર રી-બ્લોક નં.૧૧૯ ની જમીનના જુના એકત્ર બ્લોક નં. ૬૫ પૈકી ૨૫૧૬૭ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન તેના માલીક શ્રીમતી વિનિતા અરવિંદ મહેતા પાસેથી "પુજા પેપર ક્રાફ્ટ" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર નિતીન સવાઈલાલ શાહે પેઢીની આવકના નાણામાંથી રકમો ચુકવી તા.૧૧/૦૭/૨૦૦૫ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કલોલના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૨૨૧૮ થી તા. ૨૨/૦૭/ ૨૦૦૫ ના રોજ નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં "પુજા પેપર ક્રાફ્ટ" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર નિતીન સવાઈલાલ શાહનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૯૯૧ થી તા.૩૦/૧૨/૨૦૦૫ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૭/૦૩/૨૦૦૬ ના રોજ લાગતા વળગતા અધીકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૪)..ત્યારબાદ મજકુર "પુજા પેપર ક્રાફ્ટ" એ નામની ભાગીદારી પેઢીને મે. સરપંચશ્રી ખાત્રજ ગ્રામ પંચાયતનાએ બ્લોક નં.૬૫ પૈકીની ૨૧૧૬૭ સ.ચો.મીટર ઔધ્યોગીક હેતુ માટેની એન.એ.વાળી જમીનમા બાંધકામ શરૂ કરવા માટેની પરવાનગી તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ આપેલી છે.

(૧૫)..ત્યારબાદ મજકુર જુના એકત્ર બ્લોક નં.૬૫ ની કુલ જમીન અંગેની મે. ડી.આઈ.એલ.આર. સાહેબ ગાંધીનગર દ્વારા કે.જે.પી.એસ.આર.નં -/૨૦૧૫ -૧૬. દુરસ્તી પત્ર નં.૨૬ થી તા. ૦૭/૧૨/૨૦૧૫ ના રોજ દુરસ્તી કરતા દુરસ્તી થયા બાદ બ્લોક નં.૬૫/૩ ની ૨૫૧૬૭ સ.ચો.મીટર જમીન " પુજા પેપર ક્રાફ્ટ" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટ કર્તા ભાગીદાર નિતીન સવાઈલાલ શાહના નામે કરવા હુકમ કરેલ. સદર હુકમની નોંધ રેકર્ડમાં એન્ટ્રી નં.૨૭૫૭ થી તા. ૧૮/૦૩/૨૦૧૬ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા. ૧૭/૦૬/૨૦૧૬ ના રોજ લાગતા વળગતા અધીકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૬)..ત્યારબાદ મે. મામલતદાર સાહેબ શ્રી કલોલના હુકમ નં.મામ/જમીન/વશી.૧૦૦૭/ ૨૦૨૦ થી તા. ૦૩/૦૭/૨૦૨૦ ના રોજના હુકમના આધારે બ્લોક નં. ૬૫/૩ ના રી સર્વે નં.૧૧૯ વાળી બિનખેતી થયા બાદની જમીનને તેનુ પ્રોપર્ટી કાર્ડ નં. NA 65/3 થી જનરેટ થયેલ હોઈ ગુજરાત સરકાર, મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક નં.સીટીએસ-૧૩૨૦૧૮-૨૪૨૧-હ થી તા. ૨૦/૦૧/૨૦૨૦ ની સુચનાઓ મુજબ ગામ નમુના નં.૭ નુ પાનીયુ બંધ કરવા હુકમ કરેલ છે. સદર હુકમની નોંધ રેકર્ડમાં એન્ટ્રી નં.૩૨૦૨ થી તા. ૦૬/૦૭/૨૦૨૦ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૦/૦૮/૨૦૨૦ ના રોજ લાગતા વળગતા અધીકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૭)..ત્યારબાદ સદરહુ બ્લોક/સર્વે નં.૧૧૯ ની ૨૫૧૬૭ ચો.મી જમીનનો સમાવેશ સીટી સર્વેમાં સમાવેશ થતા મુળ સીટી સર્વે નં.એનએ૬૫/૩ મા ૨૫૧૬૭ ચો.મી.જમીનનો સમાવેશ થતો હતો અને તેમાં સ્થળસ્થિતીના કબજા મુજબ કરેલ માપણી તથા રૂબરૂ જવાબ આધારે નવીન સીટી સર્વે નં.એનએ૬૫/૩/૧ થી એનએ૬૫/૩/૨૦ આપી ધારણકર્તાઓના નામ દાખલ કરવામાં આવેલ તથા રોડ,રસ્તાનો નવીન સીટી સર્વે નં.એનએ૬૫/૩/૨૧માં તમામ ધારણકર્તાઓના નામ દાખલ કરી વિભાગ

Scanned with CamScanner

માપણી કરી સીટી સર્વેના રેકર્ડમાં નોંધ નં.૨૩ થી તા.૨૩/૧૧/૨૦૧૯ ના રોજ પાડી સદર નોંધ તા.૦૩/૦૧/૨૦૨૦ ના રોજ શિરસ્તેદાર દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે અને તે સદર તમામ સીટી સર્વે નંબરો પૈકી સીટી સર્વે નં.એનએ૬૫/૩/૨૦, સબ પ્લોટ નં.૨૦ વાળી મીલ્કત કે જેનુ ક્ષેત્રફળ ૪૨૧૯.૫૯ ચો.મી. ફાળવવામા આવેલ છે તે મુજબના વર્ણનવાળી જમીન તથા સીટી સર્વે નં.એનએ૬૫/૩/૨૧ની ૨૮૯૫.૦૧ ચો.મી.કે જે રોડ રસ્તાની વણ વહેચાયેલી હિસ્સે આવતી વરાડે પડતી જમીનના હક્કો સહીતની મીલ્કત "પુજા પેપર ક્રાફ્ટ" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર નિતીન સવાઈલાલ શાહની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલી.

(૧૮)..ત્યારબાદ મજકુર સીટી સર્વે નં.૬૫/૩/૨૦ (નવા નં.૧૧૯) ની ૪૨૧૯.૫૯ સ.ચો.મીટર જમીન સામે ૨૦ ટકાના કપાતના ધોરણ મુજબ ૩૩૭૫ સ.ચો.મીટર જમીન અંતિમખંડ તરીકે મે.મદદનીશ નગર નિયોજકશ્રી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળે તેમના પત્ર નં.૦૨૭૨૨ થી તા.૨૬/૦૩/૨૦૨૧ ના રોજ "પુજા પેપર ક્રાફ્ટ" એ નામની ભાગીદારીને અભિપ્રાય આપેલ છે.

(૧૯).. ત્યારબાદમજકુર જમીનના માલીક "પુજા પેપર ક્રાફ્ટ" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર નિતીન સવાઈલાલ શાહે મજકુર બ્લોક/સર્વે નં.૧૧૯ (જુના સર્વે નં.૬૫/૩) ના સીટી સર્વે નં.એનએ૬૫/૩/૨૦, સબ પ્લોટ નં. ૨૦ વાળી ૪૨૧૯.૫૯ સ.ચો.મીટર ઔધોગીક હેતુમાટેની જમીનમાં વાણિજ્ય હેતુ માટેનો ઉપયોગ કરવા માટેની જમીન સામે ૨૦ ટકાના કપાતના ધોરણ મુજબ ૩૩૭૫ સ.ચો.મીટર જમીનમા રીવાઈઝ એન.એ.ની પરવાનગી મેળવવા માટે ગાંધીનગરના મે.કલેકટર સાહેબની કચેરીમા અરજી કરતા ગાંધીનગરના મે.કલેકટર સાહેબે તેમના હુકમ નં.સીબી/જમીન /કલમ ૬૫(અ)/બી.ખે./રીવાઈઝ/વશી.૩૧૯૨ થી ૩૩૦૫/૨૦૨૧ થી તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ આપેલી છે.મજકુર એન.એ.ના હુકમની નોંધ મજકુર સીટી સર્વેના રેકર્ડમાં એન્ટ્રી નં.૫૧ થી તા.૦૩/૦૯/૨૦૨૧ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૧/૧૦/૨૦૨૧ ના રોજ શિરસ્તેદાર દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

(૨૦)..ત્યારબાદ મજકુર બ્લોક/સર્વે નં.૧૧૯ (જુના સર્વે નં.૫૩/૩) ની કુલે- ૨૫૧૬૭ સ.ચો.મીટર ઔધ્યોગીક હેતુ માટેની બીનખેતીની ખુલ્લી જમીન ઉપર પાડવામા આવેલ સબ પ્લોટ નં.૨૦,સીટી સર્વે નં.એનએ/૬૫/૩/૨૦ ની ૪૨૧૯.૫૯ સ.ચો.મીટર જમીન તથા સીટી સર્વે નં.એનએ/૬૫/૩/૨૧ ની ૨૮૯૫.૦૧ સ.ચો.મીટર રોડ રસ્તાની જમીન પૈકી વરાડે પડતી વગર વહેચાયેલ જમીનના હકકો સહીતની મીલ્કત તેના માલીક **"પુજા પેપર ક્રાફ્ટ"** એ નામની ભાગીદારી પેઢીના તમામ ભાગીદારોએ સદર પેઢીના વહીવટકર્તા ભાગીદાર તરીકે નિમણુંક કરેલ શ્રી નિતીન સવાઈલાલ શાહ પાસેથી તમો **"સોમનાથ ડેવલોપર્સ"** એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી જગદીશકુમાર સોમાભાઈ પટેલે તા.૧૯/૦૭/૨૦૨૧ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કલોલના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૮૮૫૧ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના સીટી સર્વેના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમા તમો **"સોમનાથ ડેવલોપર્સ"** એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી જગદીશકુમાર સોમાભાઈ પટેલનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૫૨ થી તા.૦૩/૦૯/૨૦૨૧ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૧/૧૦/૨૦૨૧ ના રોજ શિરસ્તેદાર દ્વારા પ્રમાણીત

Scanned with CamScanner

કરવામાં આવેલ છે.જ્યારે સીટી સર્વે નં.એનએ/૬૫/૩/૨૧ ની ૨૮૯૫.૦૧ સ.ચો.મીટર રોડ રસ્તાની જમીનના રેકર્ડમા તમો પેઢીનુ નામ દાખલ કરાવવાની કાર્યવાહી ચાલુ છે.

(૨૧)..ત્યારબાદ મજકુર સબ પ્લોટ નં.૨૦,સીટી સર્વે નં.એનએ/૬૫/૩/૨૦ ની ૪૨૧૯.૫૯ સ.ચો.મીટર વાણીજ્ય હેતુમાટેની એન.એ.વાળી જમીનમાંથી ૨૦ ટકા પ્રમાણેની જમીન કપાત કરતા બાકી રહેતી ૩૩૭૫ સ.ચો.મીટર જમીનમા ગ્રાઉન્ડ ફલોર ઉપર કુલે- ૩૭ દુકાનો તથા ફસ્ટ ફલોર ઉપર કુલે- ૩૬ દુકાનો મળી કુલે- ૭૩ દુકાનોનુ વાણીજ્ય હેતુ માટેની બાંધકામ કરવા માટેના પ્લાન તમો પેઢીએ અગાઉના માલીકોના નામથી પરંતુ અમારા ખર્ચે તૈયાર કરાવી મંજુર કરાવવા અર્થે અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (ઔડા) ની કચેરીમા મુકતા મે. સીનીયર ટાઉન પ્લાનર ઓફીસર્સ સાહેબે તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ ડેવલપમેન્ટ પરમીશન નં.**1114BP21220078** થી આપી ગ્રાઉન્ડ ફલોર તથા ફસ્ટ ફલોર તથા તે ઉપર ટેરેસના પ્લાન મંજુર કરેલ છે.જ્યારે મંજુર કરાવેલ પ્લાનમા જણાવ્યા પ્રમાણે કુલે- ૩૩૭૫ સ.ચો.મીટર બીલ્ટઅપ એરીયા પ્રમાણેનુ બાંધકામ કરવાનુ નકકી કરેલુ.જેની રૂઈએ અમો પ્રમોટરે સદર જમીન ઉપર મંજુર કરાવેલ પ્લાનને આધારે ઉપર જણાવ્યા પ્રમાણેના યુનીટોનુ બાંધકામ શરૂ કરેલ કરાવેલ છે.

(૨૨).. તમો **"સોમનાથ ડેવલોપર"** એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી જગદીશકુમાર સોમાભાઈ પટેલે સદર જમીન અંગે તા.૧૯/૦૭/૨૦૨૧ ના રોજ કરાવેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમાં લખાવી લેનારા : બીજી તરફવાલા તરીકે **"સોમનાથ ડેવલોપર્સ"** દર્શાવેલ છે. તેના બદલે તમો **"સોમનાથ ડેવલોપર"** તરીકેનો સુધારો કરવા માટે સુધારાનો દસ્તાવેજ તા. ૦૨/૧૨/૨૦૨૧ ના રોજ કલોલના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૧૬૯૬૩ થી તેજ તારીખે નોંધાવી કરાવેલ છે. જેની રૂઈએ સીટી સર્વેના રેકર્ડમાં પણ સુધારો કરાવવાનો રહેશે.

ત્યારથી મોજે ખાત્રજ ગામની સીમના બ્લોક/સર્વે નં.૧૧૯ (જુના સર્વે નં.૬૫/૩) ની કુલે- ૨૫૧૬૭ સ.ચો.મીટર ખાતા નં.૫૫૯ વાળી ઔધ્યોગીક હેતુ માટેની બીનખેતીની ખુલ્લી જમીન ઉપર પાડવામા આવેલ સબ પ્લોટ નં.૨૦,સીટી સર્વે નં.એનએ/૬૫/૩/૨૦ ની ૪૨૧૯.૫૯ સ.ચો.મીટર (૨૦ ટકા ઔડા કપાત બાદ કરતા બાકીની ૩૩૭૫ સ.ચો.મીટર) જમીન તથા સીટી સર્વે નં.એનએ/૬૫/૩/૨૧ ની ૨૮૯૫.૦૧ સ.ચો.મીટર રોડ રસ્તાની જમીન પૈકી વરાડે પડતી વગર વહેચાયેલ જમીન તમો **"સોમનાથ ડેવલોપર"** તે પેઢીના વહીવટકર્તા ભાગીદાર **જગદીશકુમાર સોમાભાઈ પટેલ** ના સ્વતંત્ર નામે રેકર્ડ ઓફ રાઈટ્સમાં કબજેદારના કોલમમાં માલીક તરીકે હોવાનુ જણાઈ આવે છે તથા સદર જમીન તથા તે ઉપર બાંધવામાં આવેલ મિલ્કતમાં બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હીસ્સો કે હિત સંબંધ રેકર્ડ જોતા જણાઈ આવેલ નથી તેઓ અમો નીચે સહી કરનાર આથી અભિપ્રાય આપીએ છીએ.

આજ તા.૦૨ માહે ડીસેમ્બર સને- ૨૦૨૧ ના દીને શહેર અમદાવાદ મુકામે.

N. K. PATEL ADVOCATE G/425/1977

-------------------------------

(શ્રી એન. કે. પટેલ એડવોકેટ)

Scanned with CamScanner